# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Amit Shah – A’BAD VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યની મુલાકાતે આવશે. શ્રી શાહ આવતીકાલે રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે યોજાનાર અખિલ ભારતીય પોલીસ સાયન્સ કોંગ્રેસના કાર્યક્રમમાં હાજરી આપશે.

આ ઉપરાંત તેઓ આવતીકાલે સાણંદ તાલુકાના શેલા ગામે સરોવરના સૌંદર્યકરણ અને સાર્વજનિક ઉદ્યાનનું નામાભિધાન કરશે. આ સરોવર અને ઉદ્યાનનું પદ્મભૂષણ શ્રી રજનીકાંત શ્રોફ સરોવર અને ઉદ્યાન નામ અપાશે.

ગાંધીનગરના સંસદીય મતવિસ્તાર એવા ઘાટલોડિયા ખાતે શ્રી શાહ આજે નવા વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.. આજે સાંજે સાત વાગે અમદાવાદના ઓગણજ પાસેના એક ફાર્મ ખાતે આ સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિતિ રહેશે.

-----------------------------------

## Schools, colleges

દિવાળી વેકેશન બાદ આજથી શાળા, કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ થઇ ગયું છે. ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજ્યની તમામ સરકારી,

અનુદાનિત અને ખાનગી સહિતની ધોરણ -1 થી 12ની શાળાઓ તથા કોલેજોમાં આજથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે.

આમ આજથી શાળા કોલેજો ફરીથી ધમધમતા થઇ ગયા છે. આજથી શરૂ થયેલું આ સત્ર આગામી પાંચમી મે સુધી ચાલશે.

--------------

## National Testing Agency

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાએ દેશની મેનેજમેન્ટ સંસ્થાઓમાં પ્રવેશ માટેની કોમન મેનેજમેન્ટ એડમીશન ટેસ્ટ સીમેટ માટે અરજી પ્રક્રિયાનો પ્રારંભ કર્યો છે. સીમેટ માટેના અરજી 13 ડિસેમ્બર સુધી ભરી શકાશે. જ્યારે પરીક્ષા માટેની ફી 14 ડિસેમ્બર સુધીમાં જમા કરાવી શકાશે. 15 થી 17 ડિસેમ્બર સુધીમાં અરજીમાં સુધારો કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે, સીમેટ પરીક્ષા આગામી 25 જાન્યુઆરીએ યોજાશે.

--------------

## SAHKARI MANDALI SABHASAD

દેશભરમાં 14થી 20 નવેમ્બર દરમિયાન “રાષ્ટ્રીય સહકાર સપ્તાહ”ની ઉજવણી થઈ રહી છે. ત્યારે રાજ્યમાં દર ચોથો વ્યક્તિ સહકારી મંડળીનો સભાસદ હોવાનું રજિસ્ટ્રાર સહકારી મંડળીઓએ યાદીમાં જણાવ્યું છે. આ યાદી મુજબ, રાજ્યમાં અંદાજે એક કરોડ 71 લાખ

સભાસદો સાથે 89 હજારથી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત્ છે. તેમજ ધિરાણ સુવિધા અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજે 48 લાખથી વધુ ખેડૂતોને સરકાર દ્વારા 3 હજાર 56 કરોડ રૂપિયાની વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે.

ઉપરાંત વર્ષ 2021થી 2024 દરમિયાન 559 ખેડૂતોને વખાર એટલે કે, ગોડાઉન બનાવવા માટે 15 કરોડ રૂપિયાની સહાય અપાઈ છે. જ્યારે સહકારી મંડળીઓમાં નફામાંથી સભાસદોને મળતું લાભાંશ એટલે કે, ડિવિડન્ડ 15 ટકાથી વધારીને 20 ટકા સુધી કરાયું છે. ઉપરાંત "કિસાન કલ્પવૃક્ષ યોજના" થકી વિવિધ બજાર સમિતિઓમાં ઓક્શન શેડ, વે-બ્રિજ, ખેડૂત પ્રદર્શન કેન્દ્ર, સી. સી. રોડ, ચોતરફની દિવાલ, શૉપ કમ ગોડાઉન વગેરે માટે પણ સહાય અપાય છે તેમ યાદીમાં જણાવાયું છે.

---------

## ARVALLI BAL SURAKSHA

અરવલ્લી જિલ્લામાં બાળલગ્ન અટકાવવા માટે બાળસુરક્ષા વિભાગે અલગ અલગ ટુકડી બનાવી છે. તાલુકાકક્ષાએ બનાવાયેલી એક-એક ટુકડી આગામી લગ્ન સમારોહમાં તપાસ કરશે. દરમિયાન જે સ્થળ પર બાળલગ્ન થતાં હશે ત્યાં કાર્યવાહી કરાશે. આ માટે બાળસુરક્ષા વિભાગે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો છે. વિભાગે આ વર્ષે અત્યાર સુધીમાં 12 જેટલા બાળલગ્ન અટકાવ્યા છે. આ અંગે જિલ્લા બાળસુરક્ષા અધિકારી ડૉ. દિલીપસિંહ બિહોલાએ માહિતી આપી હતી.

**(બાઈટઃ ડૉ. દિલીપસિંહ બિહોલા, બાળસુરક્ષા અધિકારી, અરવલ્લી)**

----------------------------

## MAHESANA VAVETAR

મહેસાણા જિલ્લામાં ખેડૂતોએ રવિ પાકોનું વાવેતર પણ શરૂ કરી દીધું છે. જિલ્લામાં 48 હજારથી વધુ હેકટર જમીનમાં આ વાવેતર થઇ ગયુ છે.. રાયડાનું 17 હજાર 674 હેકટર જમીનમાં, 9 હજાર 320 હેકટરમાં ઘઉં, વરિયાળીનું એક હજાર 560 હેકટરમાં વાવેતર થઈ ગયું છે. જેમ ઠંડી પડશે તેમ વાવેતરમાં વધારો થશે. સૌથી વધુ મહેસાણા તાલુકામાં નવ હજાર 358 હેકટર તો સૌથી ઓછું જોટાણા તાલુકામાં બે હજાર 301 હેકટર જમીનમાં વાવેતર થયું છે.

----------------------------

## GRANTH SAPTAH

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે મહેસાણા જિલ્લા ગ્રંથાલય ખાતે દુર્લભ ગ્રંથોનું પ્રદર્શન યોજાશે. જેમાં 17 હજારથી વધુ ગ્રંથો પુસ્તક પ્રેમીઓ નિહાળી શકશે. આ પ્રદર્શનમાં સંસ્કૃત પ્રાચીન હસ્તપ્રતો ઉપરાંત 12 હજારથી વધુ દુલર્ભ ગ્રંથો તેમજ 4 હજારથી

વધુ અલભ્ય ગ્રંથો પણ હશે. 874 વર્ષ પહેલાંની પૌરાણિક હસ્ત લેખિત શ્રીમદ ભગવદ ગીતા પણ પ્રદર્શિત કરાશે. સંસ્કૃત હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાના ગ્રંથો આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરાશે. આ ગ્રંથાલય રાજ્યનો એક માત્ર કેન્દ્રીય અનામત ભંડાર છે. જે 33 વર્ષથી દુર્લભ પુસ્તકો સાચવે છે.

----------------------------

## RBI QUIZ

ભારતીય રિઝર્વ બેન્કની સ્થાપનાના 90 વર્ષની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે અમદાવાદમાં રાજ્યસ્તરે પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાશે. શહેરના આશ્રમ રોડ વિસ્તારમાં આવેલી હયાત રિજન્સી હૉટેલ ખાતે સવારે સાડા 11 વાગ્યે સ્પર્ધાનું આયોજન કરાયું છે. જ્યારે બપોરે દોઢ વાગ્યે પુરસ્કાર વિતરણ સમારોહ યોજાશે.

----------------------------